# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૦૪ B તા. ૧૨-૦૧-૨૦૨૪

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જઃ-

વિષયઃ- ''શાળા સલામતી સપ્તાહ-૨૦૨૪'' ની ઉજવણી કરવા બાબત..

સંદર્ભ :- અધિક મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તા મંડળ, ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ જીએસડીએમએ/શાળા સલામતી સપ્તાહ/૨૧૩૦૯૪૨/૨૦૨૪, તા. ૧૦-૦૧-૨૦૨૪

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકોને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તા મંડળ દ્વારા શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓમાં આપત્તિ વ્યવસ્થાપન વિશે જાગૃતિ કેળવાય તે હેતુથી રાજ્યમાં શાળા સલામતી કાર્યક્રમ અમલમાં મૂકેલ છે.

શાળા સલામતી કાર્યક્રમ અંતર્ગત શાળાના શિક્ષકશ્રીઓને સંભવિત આપત્તિઓ સામે શાળા કક્ષાએ કેવા પ્રકારના સાવચેતી/ સલામતીનાં પગલા લેવા જોઈએ તે બાબતે તાલીમબદ્ધ કરવામાં આવેલ છે. તેમજ આપત્તિ વ્યવસ્થાપન વિષયક માહિતીપ્રદ વિવિધ ૧૫ પ્રકાના ચાર્ટ્સનું વિતરણ પણ કરવામાં આવેલ છે.

ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તા મંડળ દ્વારા વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓમાં આપત્તિ સામે સાવચેતી અને સલામતી વિશે માર્ગદર્શન મળી રહે તે માટે તા. ૨૯-૦૧-૨૦૨૪ થી તા. ૦૩-૦૨-૨૦૨૪ દરમ્યાન તમામ મ્યુનિ. શાળાઓમાં ''શાળા સલામતી સપ્તાહ-૨૦૨૪'' ની ઉજવણીનું આયોજન આ સાથે સામેલ રાખેલ શિડયુલ મુજબ કરવા જણાવવામાં આવે છે.

શાળા સલામતી સપ્તાહની ઉજવણી પહેલાં દરેક શાળાનો '' શાળા આપત્તિ વ્યવસ્થાપન યોજના'' (SDMP ) તૈયાર કરી તે સબબનું પ્રમાણપત્ર મદદનીશ શાસનાધિકારીશ્રીની સહીથી તા. ૨૨-૦૧-૨૦૨૪ સુધીમાં મુખ્ય કચેરીએ રજૂ કરવાનું રહેશે.

**<u>શાળા સલામતી સપ્તાહ તા.૨૯-૦૧-૨૦૨૪ થી તા. ૦૩-૦૨-૨૦૨૪ સૂચિત શિડયુલ</u>**

| ક્રમ | તારીખ | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૧ | ૨૯-૦૧-૨૦૨૪ પ્રથમ દિવસ | કાર્યક્રમનું ઉદ્ઘાટન, આપત્તિઓની પ્રાથમિક સમજ, શાળા સલામતી પ્લાનની ઉપયોગીતા |
| ૨ | ૩૦-૦૧-૨૦૨૪ બીજો દિવસ | સંભવિત હેઝાર્ડની ચાર્ટ, / પોસ્ટર, IEC, ઓડિયો/ વિડીયોનાં માધ્યમથી સમજૂતી |
| ૩ | ૩૧-૦૧-૨૦૨૪ ત્રીજો દિવસ | આગ, અકસ્માત, ભૂકંપ, પૂર, ઈત્યાદિ હોનારતોની સમજ આપવી |
| ૪ | ૦૧-૦૨-૨૦૨૪ ચોથો દિવસ | ચિત્ર, નિબંધ અને વકતૃત્વ સ્પર્ધાઓનું આયોજન કરવું |
| ૫ | ૦૨-૦૨-૨૦૨૪ પાંચમો દિવસ | શોધ અને બચાવ / પ્રાથમિક સારવાર અંગેની માહિતી / નિદર્શન કરવું |
| ૬ | ૦૩-૦૨-૨૦૨૪ છઠ્ઠો દિવસ | ડેમોસ્ટ્રેશન/ મોકડ્રીલ સ્પર્ધાના વિજેતાઓને ઈનામ વિતરણ |

બિડાણઃ- સંદર્ભિત પત્ર

તા. ૧૨-૦૧-૨૦૨૪

ડૉ.એલ.ડી.દેસાઈ

શાસનાધિકારી

[GSDMA]

ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ

બ્લોક નં.૧૧,૫મો માળ,ઉદ્યોગભવન,ગાંધીનગર-૩૮૨૦૧૭

ટે.નં.: -૦૭૯- ૨૩૨૫૯૨૭૮,૨૩૨૫૯૨૪૬

ફેક્સ: -૦૭૯- ૨૩૨૫૯૨૭૫

જીએસડીએમએ/શાળા સલામતી સપ્તાહ/શ૩૦૭૫૨/૨૦૨૪

તા.૧૦ /૦૧/૨૦૨૪

પ્રતિ

(૧) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી....તમામ

(૨) કલેકટરશ્રી....તમામ

(૩) જીલ્લા વિકાસ અધિકારીશ્રી....તમામ

વિષય: 'શાળા સલામતી સપ્તાહ-૨૦૨૪' ની ઉજવણી કરવા બાબત.

ગુજરાત રાજ્યમા બહુવિધ આપત્તિઓનું જોખમ રહેલું છે. જેમાં મુખ્યત્વે ભૂકંપ, વાવાઝોડું, પૂર, ઔદ્યોગિક અકસ્માત, આગ અકસ્માત ઇત્યાદિનો સમાવેશ થાય છે. ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ (GSDMA) દ્વારા શાળાનાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓમા આપત્તિ વ્યવસ્થાપન વિશે જાગૃતિ કેળવાય તે હેતુથી રાજ્યમાં શાળા સલામતી કાર્યક્રમ અમલમાં મુકેલ છે.

શાળા સલામતી કાર્યક્રમ અંતર્ગત શાળાના શિક્ષકશ્રીઓને સંભવિત આપત્તિઓ સામે શાળા કક્ષાએ કેવા પ્રકારના સાવચેતી/સલામતીનાં પગલા લેવા જોઈએ તે બાબતે તાલીમબદ્ધ કરવામાં આવેલ છે તેમજ આપત્તિ વ્યવસ્થાપન વિષયક માહિતીપ્રદ વિવિધ ૧૫ પ્રકારના ચાર્ટ્સનું વિતરણ પણ કરવામાં આવેલ છે.

GSDMA દ્વારા વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓમા આપત્તિ સામે સાવચેતી અને સલામતી વિષે વિશેષ માર્ગદર્શન મળી રહે તે માટે શિક્ષણ વિભાગના પરામર્શમાં રહી તા. ૨૯/૦૧/૨૦૨૪ થી ૦૩/૦૨/૨૦૨૪ દરમિયાન રાજ્યની તમામ સરકારી પ્રાથમિક શાળાઓમા 'શાળા સલામતી સપ્તાહ-૨૦૨૪'ની ઉજવણીનું આયોજન આ સાથે સામેલ સૂચક શીડ્યુલ મુજબ કરવામાં આવેલ છે.

શાળા સલામતી સપ્તાહ ઉજવણી દરમિયાન જીલ્લા તથા મહાનગરપાલિકાની ઓછામાં ઓછી ૩૫-૪૦ શાળાઓમાં મેગા ઇવેન્ટ જેવી કે, ફાયર ફાયટીંગ ડેમોન્સ્ટ્રેશન, NDRF/SDRFનું રેસ્ક્યુ નિદર્શન, ૧૦૮/ઇન્ડિયન રેડક્રોસ દ્વારા પ્રાથમિક સારવારની તાલીમ, ISR દ્વારા ભૂકંપ વિષયક પ્રેઝન્ટેશન, રોડ સેફટી,ઔદ્યોગિક એકમોના સેફટી અને ફાયર વિભાગ, IEC એક્ઝીબીશન ઈત્યાદીનો સમાવેશ કરી શકાય છે. આ સિવાય બાકીની તમામ શાળાઓમાં શીડ્યુલ મુજબ પ્રવૃત્તિઓ થાય તે સુનિશ્ચિત કરવા વિનંતી છે.

Scanned with OKEN Scanner

શાળા સલામતી સપ્તાહની ઉજવણી પહેલા દરેક શાળાનો " શાળા આપત્તિ વ્યવસ્થાપન યોજના" (SDMP) તૈયાર કરવામાં આવે અને તે સબબનું પ્રમાણપત્ર જીલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી અને શાસનાધીકરીશ્રીની સહીથી અત્રેને તારીખ ૨૫/૦૧/૨૦૨૪ સુધીમાં મળી રહે તે અંગે જરૂરી સુચના અપાઈ જવા વિનંતી.

વધુમાં, જીલ્લા/મહાનગરપાલિકાની મેગા ઇવેન્ટ માટે આપના દ્વારા પસંદ કરવામાં આવેલ શાળાની વિગતવાર યોજાનાર ઇવેન્ટ સહિતની માહિતી અત્રેને દિન-03મા મોકલી આપવા વિનંતી છે.

સબબ, આપના કાર્યક્ષેત્રના જીલ્લા/મહાનગરપાલિકામા 'શાળા સલામતી સપ્તાહ-૨૦૨૪'ના સુચારુ આયોજન અર્થે તાબાના અધિકારીને જરૂરી સૂચના આપવા વિનંતી છે.

(એ.જે.અસારી, IAS)
અધિક મુખ્ય કારોબારી અધિકારી
ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ

<u>નકલ રવાના: -</u>

૧. પી.એ. ટુ સીઈઓ...માન. સીઈઓશ્રીના ધ્યાને મુકવા સારૂ
૨. કમિશ્નર ઓફ સ્કુલ્સ, બ્લોક નં. ૦૯, પ્રથમ માળ, ડો. જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
3. નિયામકશ્રી- GSDMA
૪. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં. ૧૨, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
તરફ...તાબાના અધિકારીશ્રીને જરૂરી સૂચના આપવા સારૂ
૫. જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જીલ્લા પંચાયત કચેરી..તમામ..જરૂરી કાર્યવાહી કરવા સારૂ
૬. સાશાનાધિકારીશ્રી, મહાનગરપાલિકા...તમામ... જરૂરી કાર્યવાહી કરવા સારૂ
૭. જીલ્લા પ્રોજેક્ટ ઓફિસરશ્રી...તમામ...જરૂરી કાર્યવાહી કરવા સારૂ
૮. પ્રોજેક્ટ ઓફિસરશ્રી, મહાનગરપાલિકા...તમામ... જરૂરી કાર્યવાહી કરવા સારૂ

Scanned with OKEN Scanner

# શાળા સલામતી સપ્તાહ : ૨૯/૦૧/૨૦૨૪ થી 03/0૨/૨૦૨૪

## સૂચિત શીડ્યુલ

| ક્રમ | તારીખ | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૧ | ૨૯/૦૧/૨૦૨૪<br>પ્રથમ દિવસ | કાર્યક્રમનું ઉદઘાટન, આપત્તિઓની પ્રાથમિક સમજ, શાળા સલામતી પ્લાનની ઉપયોગીતા |
| ૨ | 30/0૧/૨૦૨૪<br>બીજો દિવસ | સંભવિત હેઝાર્ડની ચાર્ટ / પોસ્ટર, IEC,ઓડિયો / વિડીયોનાં માધ્યમથી સમજ આપવી. |
| 3 | 3૧/0૧/૨૦૨૪<br>ત્રીજો દિવસ | આગ, અકસ્માત, ભૂકંપ, પૂર ઈત્યાદિ હોનારતોની સમજ આપવી |
| ૪ | 0૧/0૨/૨૦૨૪<br>ચોથો દિવસ | ચિત્ર, નિબંધ, વકતૃત્વ, સ્પર્ધાઓનું આયોજન કરવું |
| ૫ | 0૨/0૨/૨૦૨૪<br>પાંચમો દિવસ | શોધ અને બચાવ/પ્રાથમિક સારવાર અંગેની માહિતી/નિદર્શન કરવું |
| ૬ | 03/0૨/૨૦૨૪<br>છઠો દિવસ | ડેમોસ્ટ્રેશન/મોકડ્રીલ, સ્પર્ધાના વિજેતાઓને ઈનામ વિતરણ |

Scanned with OKEN Scanner